**GUJARAT STATE ELECTRICITY CORPORATION LIMITED**
VidyutBhavan, Race Course, Vadodara, India – 390007. Ph. 91-265-6612052/53
CIN: U40100GJ1993SGC019988
e-mail: dgmhr.gsecl@gebmail.com Website: www.gsecl.in

નં.જીએસઈસીએલ/એચઆર/હેલ્પર/ભરતી/ 593 તા.१८/૦૬/૨૦૨૨

# પરિપત્ર

**વિષયઃ વિદ્યુત સહાયક (હેલ્પર)ની જગ્યાઓ ભરવા બાબત.**

ગુજરાત સ્ટેટ ઇલેકટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ એ વીજ ઉત્પાદન કરતી સંસ્થા છે, સંસ્થા દ્વારા તેના અસ્મિભુત ઇંધણ દ્વારા ચાલતા વીજ મથકો તથા અક્ષય ઉર્જાના સ્ત્રોતો દ્વારા ગુજરાત રાજ્યની વીજ માંગને ઇલેક્ટ્રીસીટી-૨૦૦૩ તથા વિવિધ કાયદાઓને ધ્યાનમાં રાખી મેરીટ ઓર્ડર ડીસ્પેચના સિધ્ધાંતો અનુસરી વીજ ઉત્પાદન કરવાનું રહે છે.

વિવિધ પાવર સ્ટેશનો ખાતે કામની જરૂરીયાતને તથા આગામી વર્ષોમાં નિવૃતિથી ખાલી પડનાર જગ્યાઓને ધ્યાને લેતા વર્ષ-૨૦૨૨-૨૩માં વિદ્યુત સહાયક (હેલ્પર) વર્ગ-૪ની અંદાજીત કુલ ૮૦૦ જગ્યાઓ ભરવાનું આયોજન નીચે દર્શાવેલ પ્રક્રિયાને આધીન કરવામાં આવનાર છે.

(અ) **એપ્રેન્ટીસોનું રજીસ્ટ્રેશનઃ**

૧. વિવિધ વીજ મથકોમાંથી વિવિધ ટ્રેડમાં જે એપ્રેન્ટીસોએ તેઓની એપ્રેન્ટીસશીપ તાલીમ સંતોષકારક રીતે પુર્ણ કરેલ હશે અને એન.સી.વી.ટી. (ALL INDIA TRADE TEST) પરીક્ષા પાસ કરેલ હશે તેઓએ જે તે વીજ મથકમાં નિયત રજીસ્ટ્રેશન ફોર્મ તથા દસ્તાવેજી પુરાવા સાથે રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

૨. ઉપરોકત (૧) સંદર્ભે જે સંસ્થા દ્વારા વર્તમાનપત્રમાં જાહેર ખબર પ્રસિધ્ધ કરવામાં આવશે.

3. જાહેરાતના અનુસંધાને ભૂતપૂર્વ એપ્રેન્ટીસોએ જી.એસ.ઇ.સી.એલ.ની વેબસાઇટ પરથી નિયત ફોર્મ ડાઉનલોડ કરી અને સાથેના જરૂરી દસ્તાવેજો તેમજ નિયત ફોર્મ્સ ભરીને સંબંધિત પાવર સ્ટેશનમાં રજુ કરશે.

૪. જે તે વીજ મથકના એચ.આર. વિભાગ દ્વારા વિગતોની ચકાસણી બાદ વડી કચેરી દ્વારા તેમની ઓનલાઇન નોંધણી સંદર્ભે લીંક આપવામાં આવશે તેમાં તમામ વિગતો ભરવાની રહેશે.

૫. ઉપરોક્ત જણાવ્યા મુજબની કાર્યવાહી પૂરી થયા બાદ વિવિધ ટ્રેડના નોંધાયેલ એપ્રેન્ટિસોની યાદી સંસ્થાની વેબસાઈટ ઉપર (www.gsecl.in) નિયત સમયગાળા માટે પ્રસિધ્ધ કરવામાં આવશે અને પ્રસિદ્ધ થયેલ વિગતોમાં જો કોઈ ફેરફાર કરવાનો હોઈ તો જે તે વીજ મથકનો સંપર્ક કરવાનો રહેશે. નોંધાયેલ માહિતી વેબસાઇટ પર દર્શાવેલ લીંક મારફતે જોઇ શકાશે તથા પોતાની માહિતી જોવા માટે સંસ્થા દ્વારા આપના રજીસ્ટર્ડ મોબાઇલમાં મોકલેલ લોગ ઇન / પાસવર્ડનો ઉપયોગ કરવાનો રહેશે.

૬. મુદ્દા નં.૫ માં જણાવ્યા મુજબની કાર્યવાહી પૂર્ણ થયા બાદ અંતિમ યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.

ઉપરોક્ત નોંધણી કરવા માટેની ફોર્મની નકલ અને એપ્રેન્ટીસો માટેની સૂચનાની યાદી આ સાથે બિડવામાં આવેલ છે.

(બ) <u>પરીક્ષાનું આયોજનઃ</u>

૧. હાલમાં વિવિધ વીજ મથકો ખાતે કુલ ૧૮ વિવિધ અપ્રેન્ટીસ ટ્રેડોમાં તાલીમ અપાયેલ છે. સદરહુ ૧૮ ટ્રેડોની અલગ અલગ પરીક્ષા તથા અલગ અલગ ફાળવણી કામની જરૂરીયાત તથા એપ્રેન્ટીસોને પણ અન્યાયકર્તા ના બને તે હેતુને ધ્યાને રાખી સદરહુ ૧૮ ટ્રેડોને ત્રણ ગ્રુપમાં વિભાજન કરવામાં આવે છે. સદરહુ વિભાજન નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ગ્રુપ-૧ | ઇલેક્ટ્રીકલ ટ્રેડ | લાઇનમેન, વાયરમેન, ઇલેક્ટ્રીશ્યન, ઇન્સ્ટ્રુમેન્ટ મીકેનીક, ઇલેક્ટ્રોનીક મીકેનીક અને સ્વીચબોર્ડ એટેન્ડેન્ટ |
| ગ્રુપ-૨ | મેકેનીકલ ટ્રેડ | ફીટર, ટર્નર, મશીનીસ્ટ, બોઇલર એટેન્ડેન્ટ અને સ્ટીમ ટર્બાઇન કમ ઓક્ઝીલીયરી પ્લાન્ટ એટેન્ડેન્ટ |
| ગ્રુપ-3 | અન્ય ટ્રેડ | વેલ્ડર, પ્લમ્બર, મીકેનીક (મોટર વ્હીકલ), મીકેનીક (ડીઝલ), મીકેનીક રીફ્રીજરેશન અને એર કંડીશનીંગ, એટેન્ડેન્ટ ઓપરેટર (કેમીકલ પ્લાન્ટ) અને મેઇન્ટેનન્સ મીકેનીક કેમીકલ પ્લાન્ટ |

૨. વીજ મથક ખાતે વિદ્યુત સહાયક (હેલ્પર)ની ગ્રુપવાઈઝ જરૂરિયાતને ધ્યાને લઈ જે તે ગ્રુપની યાદીમાં ઉપલબ્ધ એપ્રેન્ટીસોને પરિક્ષા માટે બોલાવવામાં આવશે.

3. પરીક્ષા આપવા ઇચ્છુક એપ્રેન્ટીસોએ કોલ લેટર (Call Letter) પોતે સંસ્થાની વેબસાઇટ ઉપરથી પોતાનો પાસવર્ડ વાપરી ડાઉનલોડ કરવાનો રહેશે .

૪. નિયત સમય, તારીખ અને સ્થળે કોલ લેટર (Call Letter)માં આપેલ સૂચનાઓ મુજબ જે તે એપ્રેન્ટીસે ઓનલાઇન પરીક્ષા આપવાની રહેશે .

૫. પરીક્ષા ઓનલાઈન પદ્ધતિથી લેવામાં આવશે જેમાં કુલ ૧૦૦ ગુણનું વૈકલ્પિક પ્રકારનું (નેગેટિવ માર્કિંગ સિવાયનું) પ્રશ્નપત્ર હશે અને દરેક પ્રશ્નનો ૧ ગુણ રહેશે.

૬. પરિક્ષા માટે એન.સી.વી.ટી.નો જે તે ટ્રેડનો અભ્યાસક્રમ ધ્યાનમાં લેવામાં આવશે.

૭. પરીક્ષામાં પુછાયેલ પ્રશ્નો બાબતે પ્રોવીઝનલ આન્સર કી પ્રસિધ્ધ થયે પરીક્ષાર્થીઓએ નિયત સમય મર્યાદામાં સાધનીક પુરાવા સાથે જો કોઇ વાંધો હોય તો રજુ કરવાનો રહેશે .

૮. ઉમેદવારે ઓછામાં ઓછા ૩૫ ગુણ મેળવવાના રહેશે અને મેળવેલ ગુણ ઉતરતા ક્રમમાં ગ્રુપવાઇઝ મેરીટ યાદી બનાવી પ્રસિધ્ધ કરવામાં આવશે જે પરીક્ષાની તારીખથી એક વર્ષ માટે માન્ય રહેશે .

૯. વિદ્યુત સહાયક (હેલ્પર)ની નિમણુંક માટેની ઉંમર તેમની પરીક્ષા લેવાય તે તારીખે જે સ્થિતિ હોય તે ધ્યાનમાં લેવામાં આવશે જે અનામત વર્ગ તેમજ નિવૃત કર્મચારીઓના એક વારસદાર માટે ૪૦ વર્ષ અને બિનઅનામત વર્ગ માટે ૩૫ વર્ષની છે.

૧૦. ઉતિર્ણ થયેલ ગ્રુપ-૧ (ઇલેક્ટ્રીકલ) તથા ગ્રુપ-૨ (મેકેનીકલ) ની અલગ અલગ ગૃપ પ્રમાણે મેરીટ લીસ્ટ બનાવવામાં આવશે જ્યારે ગ્રુપ-૩ (અન્ય) ના વ્યક્તિગત ટ્રેડની અલગ અલગ મેરીટ લીસ્ટ બનાવવામાં આવશે.

૧૧. જે તે ગ્રુપની પરીક્ષામાં બે ઉમેદવારોએ સરખા ગુણ મેળવેલ હશે તો ટાઈ નીચે મુજબ દૂર કરવામાં આવશે.

૧. ઉમેદવારની જન્મતારીખ ધ્યાનમાં લેવામાં આવશે એટલેકે, જે ઉમેદવાર ઉંમરમાં મોટો હશે તેને મેરીટ યાદીમાં ઉપર મુકવામાં આવશે. જો જન્મતારીખ પણ સરખી હશે તો નામના આલ્ફાબેટીકલ ઓર્ડર મુજબ મેરીટ યાદીમાં ઉપર મુકવામાં આવશે.

૨. જે ઉમેદવારો સંસ્થામાંથી નિવૃત્ત થયેલ અથવા અવસાન પામેલ કર્મચારીના વારસદાર હશે તેઓએ તેમજ અન્ય ઉમેદવારોએ સરખા ગુણ મેળવેલ હશે તો સંસ્થાના જીએસઓ-૨૯૫ મુજબ નિવૃત્ત થયેલ અથવા અવસાન પામેલ કર્મચારીના વારસદાર ઉમેદવારને મેરીટ યાદીમાં ઉપર મુકવામાં આવશે.

(ક) **વીજ મથકમાં એપ્રેન્ટીસોની ફાળવણી:**

વીજ મથકની ગ્રુપ-૧ (ઇલેક્ટ્રીકલ) તથા ગ્રુપ-૨ (મેકેનીકલ) માં હેલ્પરોની જરૂરીયાત તથા ગ્રુપ-૩ (અન્ય) ની વ્યક્તિગત જરૂરીયાત ધ્યાને રાખી ફાળવણી કરવામાં આવશે. ફાળવણી કરતી વખતે અનામત જાતીના ઉમેદવારોથી ભરવાપાત્ર થતી જગ્યાઓ ધ્યાને લઇ વડી કચેરી વડોદરા ખાતે રાખેલ મેરીટ યાદીમાંથી જે તે એપ્રેન્ટીસની તેણે જે વીજ મથકમાં એપ્રેન્ટીસશીપ પુર્ણ કરેલ હશે તે વીજ મથકમાં શક્ય હશે તેટલાની ફાળવણી કરવામાં આવશે અને બાકી રહેલ ઉમેદવારોને બને ત્યાં સુધી નજીકના વીજ મથક અથવા રોસ્ટર/ગ્રુપવાઈઝની જરૂરીયાત ધ્યાને રાખી કોઈપણ વીજ મથક ખાતે ફાળવવામાં આવશે. ફાળવણી થયા બાદ નિમણૂકના સ્થળમાં કોઈ પણ સંજોગોમાં ફેરફાર થઈ શકશે નહીં. ફાળવેલ ઉમેદવારો ની નિમણૂક કંપનીના નિયમોનુસાર શારિરીક તંદુરસ્ત સાબિત થયાને આધીન રહેશે.

નિયમોનુસાર વિદ્યુત સહાયકનો સમયગાળો સંતોષકારક પુર્ણ કરનાર વિદ્યુત સહાયકોને વીજ મથકની જે તે વખતની હેલ્પરની જરૂરીયાતને ધ્યાને લઇ કાયમી હેલ્પર તરીકે નિમણુંક આપવામાં આવશે.

ઉપરોક્ત સુચનાઓ અનુસાર વિદ્યુત સહાયક (હેલ્પર)ની ભરતી પ્રક્રિયા હાથ ધરવાની હોય એપ્રેન્ટીસોની વિગત અદ્યતન કરાવવા તેમજ ટ્રેડવાઇઝ/ ગ્રુપવાઇઝ એપ્રેન્ટીસની માહીતી તૈયાર કરવા તમામ એપ્રેન્ટીસોએ તેમના પાવર સ્ટેશન ખાતે સમયમર્યાદામાં પુર્ણ કરવાની રહ્શે જેથી વિદ્યુત સહાયક (હેલ્પર)ની ભરતી પ્રક્રિયા પુર્ણ કરી શકાય.

(એમ.ડી.બાજવા)
જનરલ મેનેજર(એચઆર)

બિડાણઃ ઉપર મુજબ.

પ્રતિ,
તમામ પાવર સ્ટેશનના વડાશ્રીઓ ,
ગુજરાત સ્ટેટ ઇલેકટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ,
ટી.પી.એસ.

નકલ રવાના:
૧) જનરલ મેનેજર(એચઆર) જીયુવીએનએલ,વડોદરા.